# આસપાસ ચોપાસ

## પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીનું શૈક્ષણિક માળખું વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ બન્યું છે




**ગામમાં આવેલી પાંચ પ્રાથમિક શાળાઓ અને ૮ આંગણવાડીઓ નાના બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણયોગદાનઆપી રહી છે.**

વલાસણ ગામ માત્ર ઐતિહાસિક અને સહકારી ક્ષેત્રે જ નહીં, પરંતુ શિક્ષણ ક્ષેત્રે પણ પંથકમાં આગવી ઓળખ ધરાવે છે. ગામમાં પ્રાથમિકથી લઈને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સુધીનું મજબૂત શૈક્ષણિક માળખું ઉભું થતાં આજુબાજુના પરા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ માટે વલાસણ શિક્ષણનું કેન્દ્ર બની ગયું છે. ગામમાં હાલમાં ૧ થી ૧૨ ધોરણ સુધી શિક્ષણની સુવિધા ઉપલબ્ધ છે. શિક્ષણ પ્રત્યે ગામલોકોની જાગૃતિ અને શૈક્ષણિક સંસ્થાઓના સુચારુ સંચાલનના કારણે આજે ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ ગામ અને આસપાસના વિસ્તારોમાં અભ્યાસ કરી રહ્યા છે. ગામમાં આવેલી પાંચ પ્રાથમિક શાળાઓ અને ૮ આંગણવાડીઓ નાના બાળકોના સર્વાંગી વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપી રહી છે.

વલાસણના ભાગોળ વિસ્તારમાં આવેલી ડી. એસ. પટેલ હાઈસ્કૂલ શિક્ષણ ક્ષેત્રે વિશેષ સ્થાન ધરાવે છે. અહીં આર્ટસ અને કોમર્સના સામાન્ય પ્રવાહ સાથે ધોરણ ૧૨ સુધી શિક્ષણ આપવામાં આવે છે. શાળામાં ૯૦૦થી વધુ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી પોતાના ઉજ્જવળ ભવિષ્યનું નિર્માણ કરી રહ્યા છે. શાળાનું વિશાળ અને સુવિધાસભર મેદાન વિદ્યાર્થીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બન્યું છે, જ્યાં રમતગમત અને વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ યોજાતી રહે છે. ગામની મુખ્ય સરકારી પ્રાથમિક શાળામાં આશરે ૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે, જ્યારે આર.સી. મિશન વિસ્તારમાં ૨૫૦, ઢેબાકુવા વિસ્તારમાં ૨૦૦, ઈન્દીરાનગરીમાં ૮૦ અને ભક્તિનગર વિસ્તારમાં ૭૦ જેટલા વિદ્યાર્થીઓ શિક્ષણ મેળવી રહ્યા છે. અન્ય પરા વિસ્તારોને મળીને કુલ ૨૦૦૦થી વધુ વિદ્યાર્થીઓ જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત કરી રહ્યા છે. શિક્ષણને પ્રાથમિકતા આપતું વલાસણ ગામ આજે ગ્રામ્ય વિસ્તારમાં શિક્ષણ જાગૃતિનું પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે. ગામના વિદ્યાર્થીઓ વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી ગામનું નામ રોશન કરી રહ્યા છે, જે સમગ્ર પંથક માટે ગૌરવની બાબત છે.

## વલાસણ ગામની પ્રતિભાઓએ ઉચ્ચ શિક્ષણ અને કારકિર્દીની સફળતા થકી ગામ ગૌરવવંતુ બનાવ્યું છે



વલાસણ ગામ વતનીઓએ શિક્ષણ અને કારકિર્દીના ક્ષેત્રે પણ આગવી ઓળખ ઉભી કરી છે. ગામમાંથી શિક્ષકો, તબીબો, ઈજનેરો, પ્રોફેસરો અને વિવિધ ક્ષેત્રોના નિષ્ણાતો ઉભા થતાં વલાસણ સમગ્ર પંથક માટે ગૌરવનું કેન્દ્ર બન્યું છે. ગામના વતનીઓએ શિક્ષણને જીવન વિકાસનું સૌથી મોટું સાધન માની સતત પ્રગતિનો માર્ગ પસંદ કર્યો છે. વર્ષોથી ગામમાં મજબૂત શૈક્ષણિક માળખું અને શિક્ષણ પ્રત્યેની જાગૃતિના કારણે અનેક વિદ્યાર્થીઓએ ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કરી વિવિધ ક્ષેત્રોમાં ઉજ્જવળ કારકિર્દી બનાવી છે. અંદાજે ૫૦૦થી વધુ વિદ્યાર્થીઓએ ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરી જીવનમાં સફળતા હાંસલ કરી છે, જ્યારે છેલ્લી ઉપલબ્ધ માહિતી મુજબ ગામમાં ૩૦૦થી વધુ ગ્રેજ્યુએટ વ્યક્તિઓ વસવાટ કરે છે.

વલાસણના યુવાઓએ પી.ટી.સી., ગ્રેજ્યુએટ, પોસ્ટ ગ્રેજ્યુએટ, ટેકનિકલ કોર્સ, તબીબી અભ્યાસ, નર્સિંગ અને અન્ય વ્યાવસાયિક અભ્યાસક્રમોમાં સફળતા મેળવી છે. ગામમાંથી અનેક યુવાનો શિક્ષણ પૂર્ણ કરી આજે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે, જ્યારે કેટલાક વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે કાર્યરત છે. આ ઉપરાંત ગામના લોકો પોલીસ વિભાગ, પોસ્ટ ઓફિસ, બેંકિંગ ક્ષેત્ર, સહકારી સંસ્થાઓ તથા સરકારી કચેરીઓમાં પણ મહત્વપૂર્ણ ફરજ બજાવી રહ્યા છે. સંરક્ષણ વિભાગમાં પણ ગામના યુવાનો દેશસેવામાં યોગદાન આપી રહ્યા છે, જે સમગ્ર ગામ માટે ગૌરવની બાબત છે.

ખાનગી ક્ષેત્રમાં પણ વલાસણના યુવાનો મેનેજર, સુપરવાઈઝર, વાયરમેન, ડ્રાઈવર અને હેલ્પર તરીકે પોતાની કારકિર્દી સફળતાપૂર્વક આગળ ધપાવી રહ્યા છે. અંદાજે ૯૦૦થી વધુ લોકો વિવિધ ક્ષેત્રોમાં રોજગારી મેળવી આત્મનિર્ભર જીવન જીવી રહ્યા છે. શિક્ષણ, મહેનત અને સંસ્કારના મજબૂત પાયા પર આગળ વધતું વલાસણ ગામ આજે નવી પેઢી માટે પ્રેરણાસ્રોત બની રહ્યું છે. ગામની પ્રતિભાઓ માત્ર પોતાના પરિવારનું નહીં પરંતુ સમગ્ર ગામનું નામ રોશન કરી વિકાસની નવી દિશા દર્શાવી રહી છે.

## ધર્મસ્થળો, સાંસ્કૃતિક સમરસતા અને એકતાએ વલાસણને વિશિષ્ટ ઓળખ આપી છે








વલાસણ ગામ ધાર્મિક આસ્થા, કોમી એકતા અને ભાઈચારાના અનોખા ઉદાહરણ તરીકે પણ સમગ્ર પંથકમાં વિશેષ ઓળખ ધરાવે છે. ક્ષત્રિય સમાજની બહુમતી ધરાવતા આ ગામમાં વિવિધ સમાજો અને ધર્મના લોકો વર્ષોથી પ્રેમ, સૌહાર્દ અને પરસ્પર સન્માન સાથે જીવન વિતાવી રહ્યા છે. ગામની આ એકતા અને સાંસ્કૃતિક સમરસતા વલાસણને વિશિષ્ટ બનાવે છે. ગામમાં હિન્દુ, ખ્રિસ્તી અને મુસ્લિમ સમાજના લોકો વચ્ચે અદભુત એકતા જોવા મળે છે. અહીં આવેલાં વિવિધ ધાર્મિક સ્થળો ગામની આ ધાર્મિક સહઅસ્તિત્વની પરંપરાને વધુ મજબૂત બનાવે છે. ગામમાં પ્રાચીન અને આસ્થાનું કેન્દ્ર ગણાતું શ્રી નીત્યાનંદ મહાદેવ મંદિર ભક્તોમાં વિશેષ શ્રદ્ધાનું સ્થાન ધરાવે છે. ઉપરાંત ભાથીજી મહારાજ મંદિર અને સ્વામિનારાયણ મંદિર ગામની ધાર્મિક પરંપરાને ઉજાગર કરે છે. વલાસણમાં આવેલું મા મેલડી ધામ સમગ્ર વિસ્તારમાં પ્રસિદ્ધ માનવામાં આવે છે. ખાસ કરીને નવરાત્રી મહોત્સવ દરમિયાન અહીં ભક્તિ અને સંસ્કૃતિનો અદભુત સંગમ જોવા મળે છે. કહેવાય છે કે સમગ્ર આણંદ જિલ્લામાં સૌથી વધુ ખેલૈયાઓ વલાસણના નવરાત્રી મહોત્સવમાં ઉમટે છે. રંગબેરંગી વસ્ત્રો, પરંપરાગત ગરબા અને ભક્તિમય વાતાવરણ સમગ્ર ગામને નવ દિવસ સુધી ઉત્સવમય બનાવી દે છે. આ ઉપરાંત ગામમાં ખ્રિસ્તી સમાજ માટે ભવ્ય ચર્ચ અને મુસ્લિમ સમાજ માટે મસ્જિદનું પણ નિર્માણ થયેલું છે, જે ગામની સર્વધર્મ સમભાવની ભાવનાનું જીવંત પ્રતિક છે. વિવિધ ધર્મોના લોકો પરસ્પરના તહેવારોમાં સહભાગી બની એકબીજાની ખુશીમાં જોડાય છે. વલાસણમાં નવરાત્રી સિવાય જન્માષ્ટમી, રામનવમી, મહાશિવરાત્રી, હનુમાન જયંતી સહિતના પર્વોની પણ પરંપરાગત અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવે છે. દરેક તહેવાર ગામમાં એકતા, સંસ્કૃતિ અને ભક્તિનો સંદેશ આપે છે. આધુનિક સુવિધાઓ સાથે પરંપરા, ધાર્મિકતા અને કોમી એકતાના મૂલ્યોને જાળવી રાખનાર વલાસણ ગામ આજે સમગ્ર પંથક માટે પ્રેરણાદાયી ઉદાહરણ બની રહ્યું છે.

## વર્ષ ૧૯૬૭થી કાર્યરત દુધ મંડળીએ આણંદ તાલુકાની પ્રથમ હરોળની સહકારી સંસ્થાઓમાં સ્થાન મેળવ્યું છે




**ઉત્કૃષ્ટ કામગીરી અને ગુણવત્તાસભર સંચાલન બદલ મંડળીને વર્ષ ૨૦૨૫-૨૬ માટે સહકારી ક્ષેત્રનો સર્વોચ્ચ 'A' ગ્રેડ પ્રાપ્ત થયો છે.**

વલાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના ખેડૂતો અને પશુપાલકો માટે આર્થિક સમૃદ્ધિનું મજબૂત કેન્દ્ર બની રહી છે. ખેતી અને પશુપાલનને જીવનનો આધાર બનાવનાર વલાસણ ગામે સહકારી ક્ષેત્રમાં આગવી ઓળખ ઉભી કરી છે. વર્ષ ૧૯૬૭થી કાર્યરત આ મંડળી આજે આણંદ તાલુકાની પ્રથમ હરોળની દૂધ ઉત્પાદક સંસ્થાઓમાં સ્થાન મેળવી રહી છે.

ગામના અનેક પરિવારો માટે પશુપાલન રોજગારી અને આવકનું મુખ્ય સાધન બન્યું છે. મહેનતુ પશુપાલકોના સતત પરિશ્રમ અને મંડળીના સુવ્યવસ્થિત સંચાલનના પરિણામે આજે મંડળી સાથે ૧૯૧૯ સભાસદો જોડાયેલા છે. જેમાંથી આશરે ૮૦૦ સભાસદો નિયમિત રીતે દૂધ ભરી રહ્યા છે. સવાર અને સાંજ એમ બંને સમય મળીને રોજનું અંદાજે ૪૮૦૦ લીટર દૂધ મંડળી ખાતે એકત્રિત થાય છે, જે ગામની દૂધ ઉત્પાદન ક્ષમતાનું પ્રતિબિંબ છે. વર્તમાન વ્યવસ્થાપક સમિતિમાં ચેરમેન તરીકે અશ્વિનભાઈ મગનભાઈ ચૌહાણ જવાબદારી સંભાળી રહ્યા છે, જ્યારે સેક્રેટરી સુરેશભાઈ રાવજીભાઈ ચૌહાણના માર્ગદર્શન હેઠળ મંડળીમાં પારદર્શક અને સુચારુ વહીવટ કરવામાં આવી રહ્યો છે. સભાસદોના હિતને પ્રાથમિકતા આપતી કામગીરીને કારણે મંડળી પ્રત્યે ગામલોકોમાં વિશ્વાસ અને આત્મિયતા વધતી જઈ રહી છે. ઉત્કૃષ્ટ કામગીરી અને ગુણવત્તાસભર સંચાલન બદલ મંડળીને વર્ષ ૨૦૨૫-૨૬ માટે સહકારી ક્ષેત્રનો સર્વોચ્ચ 'A' ગ્રેડ પ્રાપ્ત થયો છે. ઉપરાંત ખેડા જિલ્લા દૂધ સંઘ – અમૂલ તરફથી ISO 9001:2015 ધોરણ અંતર્ગત પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત થવો સમગ્ર ગામ માટે ગૌરવની બાબત બની છે.

સહકાર, પારદર્શિતા અને મહેનતના સુમેળથી વલાસણ દૂધ ઉત્પાદક સહકારી મંડળી ગામના પશુપાલકો માટે આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે. આ સંસ્થા માત્ર દૂધ એકત્રિત કરતી મંડળી નથી, પરંતુ ગ્રામ વિકાસ, સ્વરોજગાર અને આર્થિક સશક્તિકરણનું જીવંત પ્રતિક બની છે.

## આધુનિક સુવિધાઓ સાથે વિકાસના પંથે દોડતું વલાસણ જિલ્લામાં અગ્રેસર ગામ છે

વલાસણ ગામ આજે આધુનિક સુવિધાઓ, સુવ્યવસ્થિત આયોજન અને સર્વાંગી વિકાસના કારણે સમગ્ર જિલ્લામાં એક પ્રગતિશીલ "મોડેલ વિલેજ" તરીકે આગવી ઓળખ બનાવી રહ્યું છે. ગ્રામ વિકાસ અને સુવિધાસભર જીવનશૈલીનું સુંદર ઉદાહરણ પૂરું પાડતું આ ગામ શહેર જેવી અનેક મૂળભૂત સુવિધાઓ ધરાવે છે. ગામમાં પ્રાથમિક આરોગ્ય સેવાઓ માટે આરોગ્ય કેન્દ્ર કાર્યરત છે, જેના કારણે ગ્રામજનોને તાત્કાલિક સારવાર અને આરોગ્યલક્ષી સુવિધાઓ સરળતાથી મળી રહે છે.

સ્વચ્છતા અને સુવ્યવસ્થિત માળખાકીય વિકાસ માટે ગામમાં સીમેન્ટ અને ડામર રસ્તાઓની સુવિધા છે, જેના કારણે ગામના આંતરિક માર્ગો સરળ અને સુલભ બન્યા છે. રાત્રિના સમયે ગામ ઝગમગી ઊઠે તે માટે સ્ટ્રીટ લાઈટોની પૂરતી વ્યવસ્થા કરવામાં આવી છે, જ્યારે ૨૪ કલાક વીજ પુરવઠાની સુવિધા ગામના વિકાસને વધુ ગતિ આપી રહી છે. પીવાના શુદ્ધ પાણી માટે ઘરે-ઘરે નળ કનેક્શન ઉપલબ્ધ બનાવવામાં આવ્યા છે, જે ગ્રામજનોના જીવનસ્તરને વધુ સુખાકારી તરફ લઈ જાય છે. ઉપરાંત ગટર વ્યવસ્થા કાર્યરત હોવાથી ગામમાં સ્વચ્છતા અને આરોગ્યપ્રદ વાતાવરણ જળવાઈ રહ્યું છે. ખેતી અને પશુપાલન આધારિત અર્થતંત્ર ધરાવતા વલાસણમાં પશુધનના પોષણ માટે ગૌચર જમીનની સુવિધા પણ ઉપલબ્ધ કરાવવામાં આવી છે. પશુપાલકો માટે આ વ્યવસ્થા આશીર્વાદરૂપ સાબિત થઈ રહી છે અને ગ્રામ્ય અર્થતંત્રને મજબૂતી પૂરી પાડી રહી છે.

વલાસણ ગામની વધુ એક વિશેષતા એ છે કે ગામ આણંદ-તારાપુર મુખ્ય માર્ગની અડોઅડ આવેલું છે. જેના કારણે સરકારી બસોની નિયમિત સુવિધા બન્ને તરફ સતત ઉપલબ્ધ રહે છે. આ પરિવહન સુવિધા વિદ્યાર્થીઓ, નોકરીયાતો અને વેપારીઓ માટે ખૂબ જ લાભદાયી બની રહી છે. આધુનિકતા અને પરંપરાનો સુંદર સમન્વય જાળવી રાખનાર વલાસણ ગામ આજે વિકાસ, સુવિધા અને સ્વચ્છતાના ક્ષેત્રે અન્ય ગામો માટે પ્રેરણાસ્રોત બની રહ્યું છે. ગામનો સર્વાંગી વિકાસ સમગ્ર જિલ્લામાં ગૌરવની લાગણી જગાવી રહ્યો છે. વલાસણ ગામમાં સરપંચ તરીકે હાલમાં ઉમેદભાઈ મોહનભાઈ ચૌહાણ અને તેમની ટીમ ગ્રામ પંચાયતના કાર્યક્ષેત્રમાં વિકાસ કાર્યોની જવાબદારી સંભાળી રહ્યાં છે.



(માહિતી સંકલન : રિતેશ દવે)